# આંતરરાષ્ટ્રીય સંબંધોના નિષ્ણાત

આંતરરાષ્ટ્રીય સંબંધો એ સામાજિક વિજ્ઞાનનું એક ક્ષેત્ર છે જે વિવિધ દેશો વચ્ચેના સંબંધો સાથે સંબંધિત છે. આ ક્ષેત્રના નિષ્ણાતો એક દેશ અને અન્ય દેશ વચ્ચે રાજદ્વારી, રાજકીય અને આર્થિક બાબતોના સંચાલન માટે જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય સંબંધોના નિષ્ણાતો વિદેશી મુદ્દાઓ અંગે સરકારી અધિકારીઓ, એજન્સીઓ, મીડિયા ગૃહો, નાગરિક સંસ્થાઓ સાથે સંકલન કરે છે. તેઓ મહત્વની આંતરરાષ્ટ્રીય નીતિઓનું વિશ્લેષણ, સમીક્ષા અને વ્યાખ્યા કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને સમસ્યાઓનું પૃથ્થકરણ કરવાનું અને તેને ઉકેલવાનું પસંદ છે
- તમે વિદેશી ભાષા શીખવામાં રૂચિ ધરાવો છો
- તમને ટીમમાં કામ કરવું પસંદ છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (રાજકીય વિજ્ઞાન સાથે કલા/માનવતાના વિષય સાથે ઇચ્છનિય છે.)

૨. પોલિટિકલ સાયન્સ / આંતરરાષ્ટ્રીય સંબંધો / ઈતિહાસ / ભૂગોળ / અર્થશાસ્ત્ર / સમાજશાસ્ત્રમાં સ્નાતક(BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતક અને અનુસ્નાતક એમ બંને ડિગ્રી પૂર્ણ કર્યા પછી, આંતરરાષ્ટ્રીય સંબંધો / આંતરરાષ્ટ્રીય બાબતોમાં પી.એચ.ડી. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

આંતરરાષ્ટ્રીય સંબંધોના નિષ્ણાતનું અંદાજીત માસિક વેતન રૂ. ૭૦,૦૦૦ થી ૧,૨૦,૩૩૯* જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.ambitionbox.com/profile/career-counsellor-salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી વિભાગો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, બહુરાષ્ટ્રીય કંપનીઓ, ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ કામગીરીમાં મુસાફરીનો સમાવેશ થાય છે. તમે સામાન્ય રીતે દિવસમાં ૮ થી ૯ કલાક અને અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ કામ કરશો. અલગ-અલગ સમય ક્ષેત્રો (ટાઈમ ઝોન)માં કામ કરવું સામાન્ય હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઝુંબેશ/અભિયાનના કાર્યકર → આંતરરાષ્ટ્રીય સંબંધો વિશ્લેષક → રાજકીય વિશ્લેષક → આંતરરાષ્ટ્રીય સંબંધો વિશ્લેષક → રાજકીય વિશ્લેષક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ટરનેશનલ રીલેશન એનાલિસ્ટ, ઈન્ટરનેશનલ રીલેશન જોબ્સ, ઈન્ટરનેશનલ રીલેશન વર્કર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ રાજકીય વિજ્ઞાન/આંતરરાષ્ટ્રીય સંબંધોના વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૪. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હી
૫. મદ્રાસ યુનિવર્સિટી, ચેન્નાઈ
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ઝારખંડ, રાંચી
૮. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨. આદમસ યુનિવર્સિટી, બારાસત
૩. એમિટી યુનિવર્સિટી - બહુવિધ રાજ્યો
૪. સેન્ટ જોસેફ કોલેજ, બેંગલુરૂ
૫. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૬. શિવ નાદર યુનિવર્સિટી, નોઈડા
૭. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૮. અશોકા યુનિવર્સિટી, સોનેપત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અવિનાશ પાલીવાલ** આંતરરાષ્ટ્રીય સંબંધોના વરિષ્ઠ લેક્ચરર અને એસ.ઓ.એ.એસ. દક્ષિણ એશિયા સંસ્થાના નાયબ નિયામક છે. આ પહેલા તેઓ કિંગ્સ કોલેજ લંડનમાં ડિફેન્સ સ્ટડીઝ ભણાવતા હતા અને કિંગ્સ ખાતે પ્રાદેશિક સુરક્ષા સંશોધન કેન્દ્રમાં ડિફેન્સ એકેડેમી પોસ્ટ ડોક્ટરલ ફેલો હતા. પાલીવાલ દક્ષિણ એશિયા, અફઘાનિસ્તાન અને મ્યાનમાર પર પ્રાદેશિક ફોકસ સાથે વિદેશ અને સુરક્ષા નીતિ વિશ્લેષણમાં નિષ્ણાત છે. તેમણે કિંગ્સ કોલેજ લંડનમાંથી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં એમ.એ. અને પી.એચ.ડી. તથા દિલ્હી યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં બી.એ. (ઓનર્સ)ની પદવી હાંસલ કરી છે. *

સ્રોત: https://www.soas.ac.uk/about/avinash-paliwal

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.